ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૨ ટકા

# આઈએમએના પ્રમુખપદે સતત દસમા વર્ષે ડૉ. અનિલ ચૌહાણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખપદે સતત દસમા વર્ષે ડૉ. અનિલ ચૌહાણ જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. ગત તા. ૫મી નવેમ્બરે યોજાયેલી વાર્ષિક ચુંટણીઓમાં તેઓ પ્રમુખપદે ચુંટાયા હતા તે સાથે સંસ્થાના અન્ય હોદ્દેદારોની નિયુકિત પણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે



ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ગાંધીનગર તથા આસપાસના વિસ્તારના ૫૦૦થી વધુ એલોપથી તબીબોનું સંગઠન છે જે તબીબોને નિયમિત તબીબી શિક્ષણ તથા નવા તબીબી સંશોધનો અંગે માહિતગાર કરતા રહેવા સાથે જનસેવાના કાર્યો અને સરકારની આરોગ્ય નીતિ ઘડતરમાં યોગદાન આપવાનું કાર્ય કરે છે.

આ સાથે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સેક્રેટરી પદે ડૉ.જયેશ સોલંકી, વાઈસ પ્રેસિડેન્ટ પદે ડૉ. કલ્પેશ પરીખ અને ડૉ. રશ્મિન પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી પદે ડૉ. વિરલ લુહાર, ખજાનચી પદે ડૉ. બંકીમ મોદી, આસીસ્ટન્ટ સેક્રેટરી પદે ડૉ. હર્ષદ રાઠોડ અને આસીસ્ટન્ટ ટ્રેઝરર પદે ડૉ. જીગર પટેલ ચુંટાઈ આવ્યા હતા. આ ચુંટણીમાં આઈએમએ ઈલેકશન કમિશનર તરીકે ગાંધીનગરના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. કાંતિ પટેલે સેવાઓ આપી હતી. આઈએમએ દ્વારા તબીબી ક્ષેત્રે શિક્ષણ તથા નવીનતમ સંશોધનોના માર્ગદર્શન સાથે આરોગ્ય સેવાના કેમ્પ જેવી લોકકલ્યાણની પ્રવૃત્તિ તેમજ સાથે સભ્ય પરિવાર માટે મનોરંજન સહિતના વેલ્ફેર કાર્યક્રમો યોજે છે. કોરોના લોકડાઉનના કપરા કાળમાં સંસ્થાએ સામાન્ય જનતા માટે સેવા કાર્યો કર્યા હતા જેમાં પ્રારંભિક સમયે જ બે હજાર પીપીઈ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે તબીબોને ઓળખકાર્ડ અપાયા હતા. ચુંટાયેલા હોદ્દેદારોને શહેરના અન્ય સ્વૈચ્છિક સંગઠનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નીફટ ખાતે આરંભાયો શિલ્પમેળો








ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી-નીફટ કેમ્પસ ખાતે આત્મનિર્ભર ભારતને અનુલક્ષીને 'વોકલ ફોર હેન્ડમેડ' અંતર્ગત આજે 'શિલ્પ મેળા-૨૦૨૦'નો પ્રારંભ કરાયો છે. આ શિલ્પમેળાનું દિલ્હીથી નિફટના શિક્ષણ વિભાગના ડીન પ્રો. ડૉ. વંદના નારંગે વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યા બાદ નીફટ ગાંધીનગરના ડાયરેકટર પ્રો. ડો. અજિત ખરેએ ખુલ્લો મુકયો હતો.

નીફટનો શિલ્પ મેળો તા. ૮મી નવેમ્બર સુધી દરરોજ સવારે ૧૦ થી સાંજે ૬ સુધી ખુલ્લો રહેશે. જેમાં ગુજરાતની વિવિધ હસ્તકળા તથા હાથવણાટની ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે જેનું પ્રદર્શન સાથે વેચાણ કરવામાં આવી રહ્યું છે. નીફટના શિલ્પમેળામાં ગુજરાતના ૧૮ કારીગરોએ ભાગ લીધો છે. જેમના કુલ ૧૦ સ્ટોલ્સ ઉપલબ્ધ છે. આ સ્ટોલ્સમાં માતાની પછેડી, આશાવલી બ્રોકેડ, અપ્પલીક, બીડવર્ક, મીગારે, પેપર મેશે, જરદોશી, આરી ભરત, પપેટ એટલે કે કઠપુતળીઓ, મેટલ કાફટ, મીના, પતરાવર્ક, પથ્થરની કારીગરી સહિતની અનેક પ્રકારની ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા દીપોત્સવી નિમિત્તે વિવિધ હરિફાઈ યોજાઈ



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા દીપોત્સવી નિમિત્તેની સામાન્ય સભા તા. ૪ નવેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં એક પાત્રીય અભિનય અને બેસ્ટ ફોટોગ્રાફી હરિફાઈ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અલ્પાબેન ગોર, દ્વિતિય ક્રમે અંતઃકુંવરબા, તૃતીયક્રમે દેવીબેન શુકલ રહ્યા હતા તથા પ્રોત્સાહન ઈનામ શાંતાબેન મજમુદારને આપવામાં આવ્યું હતું. બેસ્ટ ફોટોગ્રાફીમાં દેવીબેન શુકલ વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રમુખ પ્રતિભાબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કેશુબાપા અને કનોડિયાભાઈઓને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વ. કેશુભાઈ પટેલ અને નરેશભાઈ અને મહેશભાઈ કનોડિયાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.

સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ જણાવે છે કે, ગાંધીનગરને હરિયાળુ બનાવવા તમામ સંસ્થાઓને એકત્ર કરી રાજભવન નર્સરી સામે વાવી ઉછેરવાનું કામ કરવામાં જેનો સિંહ ફાળો હતો તેવા કેશુબાપાને સંસ્થા દ્વારા ભાવભરી શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. આ ઉપરાંત શહેરના તથા કલાજગતના ખ્યાતનામ કલાકારો ભાઈ મહેશ અને નરેશ કનોડીયાના દુઃખદ નિધન માટે મહામંડળ વતી દુઃખ વ્યકત કરી કલાજગતને પડેલ ખોટ શહેરના કલાકારો પુરી પાડે તેવી શકિત પરિવારને ભગવાન આપે તેવી પ્રાર્થના સાથે સંસ્થાના સર્વે સભ્યો દ્વારા શ્રધ્ધાંજલિ અર્પવામાં આવે છે. સંસ્થાના સભ્યો અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, કાલુભાઈ દેસાઈ, પ્રદિપ સોલંકી, શશીકાંત મોઢા, ચંદુજી ઠાકોર, ભરત દીક્ષિત સહિત સર્વે દ્વારા બંને પરિવારો વતી પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી છે.




કોરોનાની અસર હજુ જોવા મળી રહી છે. સોશ્યલ ડિસ્ટન્સિંગ અને ફરજીયાત માસ્ક પહેરવાની સૂચના અવારનવાર આપવામાં આવે છે તેના નીતિ નિયમો પણ ઘડાયેલા છે. જો કે રીક્ષાચાલક તેનો અમલ કરતા હોય તેવું આ તસ્વીર જોઈને લાગતું નથી. વધુ ભાડું મેળવવાની લ્હાયમાં તે એક જ રીક્ષામાં ઘેટાં બકરાંની જેમ મુસાફરો ભરી સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોનો સરેઆમ ભંગ કરે છે તેઓને જાણે કોઈ કહેનાર જ નથી.

## ચંદ્રાલા નજીક મુસાફર પાસેથી ૬ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૬

ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે હિમતનગર તરફથી આવી રહેલી એક ખાનગી લકઝરી બસને થોભાવી હતી અને તેમાં ચેકીંગ કર્યું હતું. આ ચેકિંગ દરમિયાન પોલીસને એક મુસાફર પાસેથી ૬ બોટલ દારુ મળી આવ્યો હતો. પોલીસે યુવકનું નામ પુછતા તેણે મુળ રાજસ્થાન અને હાલ સેકટર-૨૩ એસ.કે.પટેલ કડી કેમ્પસ ખાતે રહેતો હોવાનું કેશરસિંહ સ્વરૂપસિંહ ચૌહાણ (ઉં.૪૧) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવક પાસેથી રૂ.૩૬૫૨ ની કિંતમનો દારુ અને ૩ હજારનો મોબાઈલ ફોન મળી કુલ ૬૬૫૨ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી કેન્ટીનના વેપાર સાથે સંકળાયેલ હોવાનું ધ્યાને આવ્યું છે.

## હિન્દુસ્તાન સ્કાઉટ અને ગાઈડ્સ એસોસિએશનના જિલ્લા વહીવટી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૬

આજે હિન્દુસ્તાન સ્કાઉટ અને ગાઈડ્સના ગુજરાત એસોસિએશનના કાર્યક્ષેત્ર વિસ્તરણ અને પ્રવૃતિઓને વેગ આપવા માટે ગુજરાત રાજય યુનિટના ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જે અંતર્ગત હિન્દુસ્તાન સ્કાઉટ અને ગાઈડ્સના ગુજરાત એકમના મુખ્ય કમિશનર એડીજીપી અનિલ પ્રથમના હસ્તે ગાંધીનગર જિલ્લાની વહીવટી ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે ઉપસ્થિત હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસના ગુજરાત કમિશનર એડીજીપી અનિલ પ્રથમે જણાવ્યું હતું કે 'સંસ્થાનો ઉદ્દેશ યુવાઓનો વિવિધ પ્રકારે વિકાસ કરવો તેમજ સ્કાઉટીંગ પ્રવૃત્તિમાં શાળાકીય બાળકોને જોડી રાષ્ટ્રભાવના અને સેવાભાવનાના સંસ્કારોનું સિંચન કરવું. આ વર્ષે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસ દ્વારા પીએમઓ શીટ આધારિત પ્રવૃત્તિઓ જેવી કે સ્વચ્છતા અભિયાન, ફિટ ઈન્ડિયા અભિયાન, વૃક્ષારોપણ, કુપોષણ સામે જાગૃતિ વગેરે હાથ ધરી હતી તેમજ આગામી દિવસોમાં ભારતીય બંધારણની લોકપ્રિયતા વધે તે માટે પ્રયત્નશીલ રહેશે.' આસાથે તેમણે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ્સ ગુજરાત એસોસિએશનની રાજય કાઉન્સિલ ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારોને અભિનંદન પાઠ્વ્યાં હતાં તથા જિલ્લામાં સ્કાઉટ અને ગાઈડ્સના જાગૃતિસભર કાર્યક્રમો કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

**ગાંધીનગર જિલ્લા એકમના હોદ્દેદારો નિમાયા**
**તુષાર રાવલ - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ નોડલ ઓફિસર**
**દિપક વ્યાસ - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કમિશનર સ્કાઉટ્સ**
**બિપીનભાઈ પટેલ - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ આસિસ્ટન્ટ કમિશનર**
**રાજન ત્રિવેદી - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી**
**કુમારસિંહ ગઢવી - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ જોઈન્ટ સેક્રેટરી**
**હિતાર્થ શ્રોત્રિય - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ કમિશનર**
**ચિરાગસિંહ રાઓલ - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ જોઈન્ટ ટ્રેનિંગ કમિશનર**
**પાવન વ્યાસ - ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ ઓર્ગનીઝીંગ કમિશનર**

## ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી જરૂરિયાતમંદોને જરૂરી વસ્તુનું વિતરણ

ગાંધીનગર, તા.૬

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ગોઢ મુકામે કુલ ૬ ગામોના ૭૫ લાભાર્થીઓને ૧ કિલો તેલ, ૨ કિલો ચોખા, ખજુર, રામ પ્રસાદ ખીચડી તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૨૪ જરૂરિયાતમંદોને યોગ્ય દાન કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં જીપીએસસીના અધ્યક્ષ પ્રવિણભાઈ વઘાસીયા, મિલિન્દભાઈ, દેવ સુથાર તથા ભીમજીભાઈનો સહયોગ રહ્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. બાબુભાઈ બેચરદાસ પટેલ, ઉ.વ. ૮૦, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. કૌશલકુમાર સુરેશચંદ્ર સેવક, ઉ.વ. ૩૦, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. વાઘેલા નવુબા શિવસિંહ, ઉ.વ. ૭૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ચાવડા વસુબા રતનસિંહ, ઉ.વ. ૬૪, નવાવાડજ, અમદાવાદ
- સ્વ. તારાબેન રમેશભાઈ નાઈ, ઉ.વ. ૫૯, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. લીલાબેન મફાભાઈ રબારી, ઉ.વ. ૭૩, સે-૧૪, ગોકુળપુરા, ગાંધીનગર.
- સ્વ. વાળંદ દિનેશકુમાર રમણલાલ, ઉ.વ. ૫૮, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. ધર્મેશકુમાર રમણલાલ રાણા, ઉ.વ. ૪૪, સે-૪, ગાંધીનગર
- સ્વ. પટેલ કેશવલાલ આત્મારામ, ઉ.વ. ૭૦, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ઈશ્વરજી રવાજી, ઉ.વ. ૭૨, નાના વેલોડા, તા. સરસ્વતી, પાટણ
- સ્વ. કમળાબેન ગોવિંદભાઈ વાઘેલા, ઉ.વ. ૮૭, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. દરજી શાન્તાબેન બાબુભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૨૫, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. દુષ્યન્તકુમાર બહેચરભાઈ શ્રીમાળી, ઉ.વ. ૬૫, સેકટર-૩ ન્યુ, ગાંધીનગર




લોકડાઉનના સમયમાં ધંધા રોજગાર પર બહુ મોટી અસર પડી હતી. નાના-મોટા વેપારીઓ હવે દિવાળીની આશા રાખીને બેઠા છે. ગ-રોડને સીકસલેન બનાવવાની કામગીરી વચ્ચે નાના વેપારીઓ રોડની આસપાસ જમાવડો કરી ઘરાકીની રાહ જોઈ રહ્યા છે.

# ધોળાકુવા નોનવેજના વેપારી પર બે શખ્સોનો તલવાર વડે હુમલો

## તલવાર મારતા વેપારીને ડાબા હાથે અંગુઠાના ભાગે ઈજા પહોંચી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક ધોળાકુવા ખાતે નોનવેજના વેપારી પર બે શખ્સોનો તલવાર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં વેપારીને ડાબા હાથે આંગળીના ભાગે ઈજા પહોંચી હતી. ધોળાકુવા ખાતે તલવાર સાથે ખુલ્લેઆમ આંતક મચાવનાર બંન્ને શખ્સો સામે વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધોળાકુવા ખાતે નોનવેજની દુકાન હૈદર મયુદિનભાઈ શેખ ચલાવે છે. મંગળવારના રોજ સેકટર-૨૮ પ્રેસ છાપરા ખાતે રહેતા બે ભાઈઓ ફુરકાન મુસ્તાકભાઈ ડલીગરા અને તેજીબ આવ્યા હતા. ફરીયાદી અગાઉ તેમની પાસેથી માલ ખરીદતા હતા. પરંતુ છેલ્લા એક વર્ષથી માલ ખરીદવાનો બંધ કરી દીધો હતો. જેથી તેઓ વધારાના પૈસા લેવા માટે આવ્યા હતા. વેપારીએ પૈસા આપવાની ના પાડતા તેઓ ગાળાગાળી કરી જતા રહ્યા હતા. ગુરુવારના રોજ સવારે ફરીયાદી સેકટર-૨૪ ખાતે ગયા હતા. તે સમયે બંને ભાઈઓ મળ્યા હતા અને બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યા હતા. જેથી ૧૧ વાગ્યના અરસામાં તેઓ બંને ભાઈઓ ધોળાકુવા જવાના માર્ગેહૈદરભાઈની નોનવેજની દુકાને આવી માથાકુટ કરવા લાગ્યા હતા. ત્યારબાદ ફરીયાદી અને તેના કારીગર સાથે ઝપાઝપી કરી હતી. જેમાં ફુરકાને તેની પાસે રહેલી તલવાર મારતા વેપારીને ડાબા હાથે અંગુઠાના ભાગે ઈજા પહોંચી હતી. તેજીબ પણ ફરીયાદીને મારવા દોડતા વેપારીના કારીગરે તેને પકડી રાખ્યો હતો.આ દરમિયાન કોઈ વ્યકિતએ પોલીસને જાણ કરી દેતા બંને ભાઈઓ ભાગી ગયા હતા. જયારે યુવકને હાથે ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવાર લીધી હતી.ત્યારબાદ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આતંક મચાવનાર બંને ભાઈઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જિલ્લામાં દરરોજ એક હજારથી વધુ કોવિડ- ૧૯ના ટેસ્ટ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં દરરોજના ૧ હજારથી વધુ કોવિડ- ૧૯ના ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના આરોગ્ય તંત્રની ટીમ દ્વારા એક લાખથી વધુ કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મુનભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની મહાબિમારીને નાથવા અને લોકો આ બિમારીથી સંક્રમિત થતાં અટકે તે માટે માસ્ક પહેરવાની, સોશિયલ ડિસ્ટન્સીંગની જાળવણી જેવી અનેક સરકારની ગાઈડલાઈનનું અમલીકરણ માટે લોકોને જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે.

કોરોનાનું સંક્રમણ વધુ ન થાય તે માટે ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર પણ સતત ખડપગે કામ કરી રહ્યું છે. આજે ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સબ–ડિસ્ટ્રીક હોસ્પિટલ ખાતે કુલ – ૪૦ જેટલી સરકારી દવાખાનામાં કોવિડ- ૧૯ અંતર્ગત શંકાસ્પદ જણાયેલ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામોમાં પણ કોવિડ- ૧૯ અંગેની જાગૃત્તિ આપવા સાથે ત્યાં પણ શંકાસ્પદ દર્દીઓ પોતાના ટેસ્ટ કરી શકે તે માટે સુચારું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સમયાંતરે મેડિકલ ટીમો દ્વારા જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં દરરોજના એક હજારથી વધુ કોવિડ- ૧૯ ના ટેસ્ટ કરવામાં આવે છે. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા એક લાખથી વધુ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.